ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

'પોઈન્ટ'વાળી વસ્તુ હોય કે વાત ખૂંચે તો ખરી જ

## જન્મદિને વધામણી



કમલ કિશોર જૈન
(ફાઈનાન્સ ડિરેક્ટર)
કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ, ગાંધીનગર
પ્રમુખ, કલરવ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૧૬૬૧૧



શારદાબેન ડુંગાણી
મો. ૯૯૦૯૦ ૩૪૪૯૦



દીપ
અલ્પેશકુમાર ભાવસાર
મો. ૯૪૦૯૪ ૦૬૫૦૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સોનીપુર પ્રાથમિક શાળા ખાતે ઊર્જા સંરક્ષણ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૫
ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૪મી ડિસેમ્બર ઊર્જા સંરક્ષણ દિન અંતર્ગત તા. ૧૬મી ડિસેમ્બરે ગાંધીનગરના સોનીપુરની પ્રાથમિક શાળા ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ઊર્જા પ્રદર્શન તથા પોપ્યુલર લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શાળાના ૧૧૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. ઊર્જા સરંક્ષણ દિનની ઉજવણીમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણાએ વિદ્યાર્થીઓને પરંપરાગત ઊર્જા સ્ત્રોતો અને બીન પરંપરાગત ઊર્જા સ્ત્રોતો અંગે સમજ આપી હતી તથા બાળકોને નાની નાની આદતોથી ઊર્જાનો કરકસરભર્યો ઉપયોગ શિખવાડયો હતો. જેથી ઉર્જાની બચત કરી શકાય. આ સાથે તેમણે સૂર્ય ઉર્જા આધારિત વિવિધ ઉપકરણો જેવા કે સોલાર કુકર, સોલાર હીટર, સોલાર ડ્રાયર, સોલાર પેન તથા લાઈટ વગેરે અંગે પ્રાયોગિક સમજણ પુરી પાડી હતી. કાર્યક્રમમાં શાળાના આચાર્યા રૂપલબેન ભોયે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડિનેટર્સ શિવાંગ પટેલ અને હરિશ માજીરાણાએ જહેમત ઉઠાવી હતી.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા શૈક્ષણિક પ્રવાસ





સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા ત્રણ દિવસના 'કચ્છ દર્શન' શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના ૧૨૦ વિદ્યાર્થીઓ અને આચાર્ય મનીષભાઈ ખત્રી સાથે સ્ટાફ મિત્રો પણ જોડાયા હતા. માંડવી વિન્ડ ફાર્મ, વિજયવિલાસ પેલેસ, માતાનો મઢ, અંબેધામ, નારાયણ સરોવર, કોટેશ્વર, હાજીપીર, સફેદ રણ, ભૂજમાં આઈના મહેલ, સ્વામીનારાયણ મંદિર તથા અંજારમાં જેસલ-તોરલની સમાધિનાં દર્શનનો લાભ વિદ્યાર્થીઓએ આ પ્રવાસ દરમિયાન મેળવ્યો હતો.

# શાસ્ત્રીય સ્પર્ધામાં એસજીવીપીને ૮ ગોલ્ડ મેડલ

ગાંધીનગર, તા. ૨૫
સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને કર્ણાવતીસ્થ શ્રી ગુર્જરપ્રદેશ સંસ્કૃત પાઠશાળા શિક્ષક મંડળ દ્વારા આયોજિત અને નર્મદા કિનારે અનિરુદ્ધ સંસ્કૃત પાઠશાળા અને જામ્બુ કાણ્વ સંસ્કૃત પાઠશાળા ચાણોદ કરનાળીના યજમાન પદે રાજયસ્તરીય શાસ્ત્રીય સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગુજરાતભરની ૨૦ પાઠશાળામાંથી ૨૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ એસજીવીપી સંચાલિત શ્રી દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ૮ ઋષિકુમારોને ગોલ્ડ મેડલ, ૮ ઋષિકુમારોને સિલ્વર મેડલ અને ૬ ઋષિકુમારોને બ્રોન્ઝ મેડલ મળતા, ગુરુકુલમાં યોજાયેલા એક સમારંભમાં પૂ. શાસ્ત્રી માધવપ્રિયદાજી સ્વામીએ તથા પ્રધાનાચાર્ય રામપ્રિયજી અને વિદ્યાલયના આચાર્ય શ્રી અર્જુનાચાર્યે દરેક વિજેતા વિદ્યાર્થીઓ અને ભણનારા સંતોને શુભાશીર્વાદ સાથે વધુને વધુ પ્રગતિ કરે અને સિદ્ધિ મેળવે તેવા શુભ આશીર્વાદ આપ્યા હતા.

જ્યારે ભાગવત વિદ્યાપીઠ, સોલાના ઋષિકુમારોએ પણ ભાગ લીધો હતો અને સંસ્કૃત ભાષણ-શલાકા સ્પર્ધામાં ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારોએ પણ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ પદકની પ્રાપ્તિ કરી છે. તેમાં, પાંચ ગોલ્ડ મેડલ, સાત સિલ્વર મેડલ, સાત બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે, એમ ભાગવત વિદ્યાપીઠના હિતેન્દ્ર ગુરુજીએ જણાવ્યું છે.

# એસ જી અંગ્રેજી પ્રાથમિક શાળાના ધો-૩ના વિદ્યાર્થીઓએ અક્ષરધામની મુલાકાત લીધી



ગાંધીનગરની એસ. જી. પ્રાથમિક શાળાના ધો- ૩ ના એ, બી, સી, ડી, ઈ, એફ એમ બધા જ વર્ગના કુલ ૩૪૭ વિદ્યાર્થીઓએ ગાંધીનગરમાં આવેલ અક્ષરધામની મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોએ મંદિર તેમજ પ્રદર્શન નિહાળ્યું હતું અને આનંદ વ્યક્ત કર્યો હતો. આ બાળકોની સાથે શાળાના શિક્ષકો પણ જોડાયા હતા.

### ટૅકનિકલ કૉલેજોનું બીજું સત્ર શરૂ થયું, પણ ફી નક્કી નહીં

# ફી ભરવી તો છે, પણ કેટલી ભરવી ?

ગાંધીનગર, તા. ૨૫
ટેકનિકલ કોલેજોમાં હાલમાં બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ચુક્યુ છે. વાલીઓ કહે છે અગાઉ પહેલા સત્રમાં ભરેલી ફી કરતાં વધારે ફી જાહેર કરવામાં આવશે તો ડીફરન્સ એટલે કે તફાવતની રકમ ભરવી પડે તેમ છે. હવે બીજા સત્રમાં પહેલા સત્રની ડીફરન્સની રકમ અને નવી ફી બન્ને ભરવાની થાય છે. આ ઉપરાંત મુખ્યમંત્રી યોજનામાં વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજોની ફીન ૫૦ ટકા રકમ આપવામાં આવતી હોય છે. પરંતુ હજુસુધી ફી કેટલી ભરવી છે તેજ નક્કી ન હોવાના કારણે ૫૦ ટકા રકમ કેવી રીતે ગણવી તેની પણ સમસ્યા ઉભી થાય તેમ છે. વાલીઓ કહે છે ગત માર્ચ માસથી ફી કમિટી દ્વારા ફી નક્કી કરવાની પ્રક્રિયા ચાલે છે નવ માસ થવા છતાં હજુ સુધી કોઈ નિર્ણય થયો નથી. તાકીદે નવી ફી જાહેર ન થાય તો વિદ્યાર્થીઓ માટે મોટી મુશ્કેલી ઉભી થાય તેમ છે.

ગુજરાતની ટેકનિકલ કોલેજોની ફી નક્કી કરવા માટે રચાયેલી ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા છેલ્લા છ માસ કરતાં વધુ સમયથી આ માટેની કવાયત શરૂ કરવા છતાં હજુસુધી નવી ફી જાહેર થઈ શકી નથી. જેના કારણે હવે ફી કમિટી દ્વારા કેટલીક નામાંકિત અને મોટી સંસ્થાઓની ફી નક્કી કરવામાં વધુ સમય આપવામાં આવતો હોવાથી બાકીની અન્ય કોલેજોની ફી નક્કી કરવામાં વિલંબ થઈ રહ્યો હોવાની વિગતો બહાર આવી રહી છે. રાજયની ૫૦૦થી વધુ ટેકનિકલ કોલેજોની ફી નિયમ પ્રમાણે પહેલુ સત્ર શરૂ થાય ત્યારે જાહેર કરી દેવાની હોય છે. પરંતુ હાલમા બીજુ સત્ર શરૂ થવા છતાં હજુસુધી ફી જાહેર થઈ શકી નથી. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે સમિતિ દ્વારા એક વખત ફી નક્કી કરીને જે તે કોલેજને સુપ્રત કરી દેવામાં આવી હતી. જે કોલેજોને આ ફી સામે વાંધો કે રજૂઆત હોય તેના માટે સૂનાવણી હાથ ધરવાનું નક્કી કરાયુ હતુ. જે પ્રમાણે હાલમાં જુદી જુદી કોલેજોની સૂનાવણી ચાલી રહી છે. સૂત્રો કહે છે ફી કમિટીએ કોલેજોને જે ફી આપી તેમાં મોટાભાગની કોલેજોએ વિરોધ નોંધાવ્યો છે. ખાસ કરીને નામાંકિત ગણાતી સંસ્થાઓએ ઉંચી ફી માંગી હતી. જે ફી માંગી હતી તે આપી દેવામાં આવે તો વિદ્યાર્થીઓ-વાલીઓને મુશ્કેલી થાય તેમ હોવાથી ફી કમિટી દ્વારા આવી સંસ્થાઓની ફીમાં સામાન્ય ઘટાડો કરવામાં આવ્યો હતો. આ ઘટાડા સામે નામાંકિત ગણાતી સંસ્થાઓએ સખ્ત વાંધો ઉઠાવ્યો છે. જેના કારણે હાલમાં આવી સંસ્થાઓને મનાવવા અને ફીમાં શકય હોય તેટલો ઘટાડો કરવા માટે ફી કમિટી દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે. કેટલીક સંસ્થાઓના સંચાલકો કોઈપણ ભોગે ફી ઓછી કરવા તૈયાર નથી. જેના લીધે ફી કમિટી દ્વારા આવી સંસ્થાઓના સંચાલકોને મનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સ્વનિર્ભર એન્જિનિયિરિંગ કોલેજના સંચાલકો કહે છે કે અમુક નામાંકિત સંસ્થાઓને સાચવવાના પ્રયાસમાં બાકીની ૫૦૦થી વધારે કોલેજોની ફી જાહેર કરવામાં આવતી નથી. જો કે, ફી કમિટીના સત્તાધીશો કહે છે જેમ બને તેમ જલદી કોલેજોની નવી ફી જાહેર કરી દેવામાં આવશે.

### જીટીયુ ઝોનલ તથા ઈન્ટરઝોનલ વોલીબોલ સ્પર્ધામાં

# બીવીએમ કોલેજનો જ્વલંત વિજય



ગાંધીનગર, તા. ૨૫
ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એડીઆઈટી કૉલેજ ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની ઝોનલ તથા ઈન્ટરઝોનલ વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઝોનલની ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

બીવીએમ કોલેજની ટીમે આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને વિજય પ્રાપ્ત કર્યો હતો અને ઝોનલમાં વિજેતા તથા ઈન્ટરઝોનલમાં ઉપ વિજેતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત બીવીએમ કોલેજના પ્રોડક્શન ઈજનેરીન અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દીપ પારેખ તથા કમ્પ્યુટર ઈજનેરીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી હાર્દિક વર્લીએ ઓલ ઈન્ડિયા સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. ઈન્દ્રજિત એ પટેલે વોલીબોલ ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને સર્વાંગી વિકાસ માટે મહત્ત્વની જાણકારી ટીમને પૂરી પાડી હતી. પ્રૉફેસર એન જી મિશ્રા (સ્પોર્ટ્સ કન્વીનર), જતન પટેલ (જીએસ), મેઘા પટેલ (એલઆર) તથા બંને સ્પોર્ટ્સ સેક્રેટરીઝને સમગ્ર બીવીએમ પરિવારે બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# કાંકરીયા પ્રાણી સંગ્રહાલયમાં સફેદ વાઘણનું આગમન

ગાંધીનગર, તા. ૨૫
કાંકરીયા કાર્નિવલનાં શુભારંભ પહેલાંજ કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં સફેદ વાઘણ લાવવામાં આવી છે, પ્રાણીસંગ્રહાલયમાં પ્રથમવાર જ સફેદ વાઘણને જોવા માટે ખાસ કરીને નાના બાળકો-યુવા વર્ગ ઉમટી પડશે.

કાંકરીયા પ્રાણીસંગ્રહાલયનાં ડાયરેકટર ડો.સાહુએ જણાવ્યું હતું કે, કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં વાઘ અને વાઘણની એક જોડ છે,પરંતુ રાજકોટ પ્રાણીસંગ્રહાલયમાં સફેદ વાઘણ સરપ્લસ હોઈ અને કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં સફેદ વાઘ કે વાઘણ કદી લવાયા ન હોવાથી સફેદ વાઘણ આપવા માટે સેન્ટ્રલ ઝુ ઓથોરિટીને વિનંતી કરવામાં આવી હતી. સેન્ટ્રલ ઝુ ઓથોરિટીએ વિનંતી માન્ય રાખતાં રાજકોટ પ્રાણીસંગ્રહાલયમાંથી સફેદ વાઘણ તથા એક સિંહણ કાંકરીયા પ્રાણીસંગ્રહાલયને આપવાની મંજૂરી આપી હતી. કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં હયાત વાઘ વ્હાઈટ જીન કેરિયર છે અને સફેદ વાઘણ સાથે સમાગમ કરાવાશે ત્યારબાદ ૫૦ ટકા બચ્ચા સફેદ આવવાની શકયતા છે અને પછી અમદાવાદમાં પણ સફેદ વાઘની સંખ્યા વધશે. તદઉપરાંત કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં સિંહની એક જોડ છે, પરંતુ સિંહણ બચ્ચા આપી શકે તેમ ન હોવાથી રાજકોટથી શ્રેયા નામની યુવા સિંહણ મંગાવવામાં આવી છે અને તેમના સમાગમથી સિંહનાં નવા બચ્ચા પેદા થશે.

# આ 'આઈકૉનિક' લોકોએ અધવચ્ચેથી ભણવાનું છોડી દીધું હતું



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

હાર્વર્ડ યુનિવર્સિટીના એક યુવાન વિદ્યાર્થીએ સોફ્ટવેર બનાવવાની ધુનમાં એનો અભ્યાસ વચ્ચેથી જ છોડી દીધો હતો. આ યુવાને ૧૩ વર્ષની ઉંમરથી જ મોટા મોટા સોફ્ટવેર બનાવવાનું શરૂ કરી દીધું હતું. સીઆટલ, વોશિંગ્ટનમાં વકિલાત કરતાં વિલીયમ અને મેરી મેક્સવેલનું આ સંતાન એ બીજું કોઈ નહીં પણ માઈક્રોસોફ્ટ કંપનીના સહસ્થાપક અને યુએસના બીઝનેસ ટાયકૂન બીલ ગેટ્સ. હાર્વર્ડનો અભ્યાસ અધવચ્ચેથી મૂકી દેનારા બીલનું આજે ફોર્બસની અબજોપતિની યાદીમાં નામ છે. ઓકટોબર ૨૦૧૭ના આંકડા મુજબ માઈક્રોસોફ્ટની નેટ વેલ્યુ ૮૯.૯ બિલિયન યુએસ ડોલર છે.

સફળ થવા માટે મોટી ડિગ્રીઓની જ જરૂર હોય છે એવું નથી. એવા ઘણા લોકો છે કે, જેમણે અભ્યાસમાં કોઈ મોટી સિદ્ધી મેળવી નથી છતાં પણ સફળતાની ખૂબ ઊંચાઈ પર પહોંચ્યા છે. ડોકટર, એન્જિનિયર, એમબીએ, સાયન્ટીસ્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટંટ એવા કોઈ અભ્યાસક્રમના છોગા વગર પણ સફળ થઈ શકાય છે. જો કે, એનો અર્થ એવો પણ નથી થતો કે, સફળ બનવા માટે અભ્યાસ પાછળ સમય ન બગાડવો જોઈએ. પણ એક વાત ચોક્કસ છે કે, અભ્યાસની મોટી ડિગ્રીઓ ન હોય તો પણ સફળ બની આગળ વધી શકાય. લક્ષ્ય નિર્ધારણની પહેલી આવશ્યકતા અને પછી લક્ષ્ય સુધી પહોંચવા માટે નિષ્ઠાપૂર્વકની મહેનત ઉત્કૃષ્ટ પરિણામ આપે છે. ઘણા લોકોના મનમાં એવી પાક્કી માન્યતા હોય છે કે, અભ્યાસ વગર આગળ આવી શકાશે જ નહીં. કંઈક બનવા માટે પરિશ્રમ અને આગળ વધવાની તમન્ના રાખવાની હિંમત હોવી જોઈએ. દુનિયાને એપલ અને આઈફોનની નવતર પરિભાષા આપનાર સ્ટીવ જોબ્સે એનો કોલેજનો અભ્યાસ અધૂરો મૂકીને ૧૯૭૫માં એપલ કંપની સ્થાપી. એવું જ એક બીજું મજબુત ઉદાહરણ ડેલ કમ્પ્યુટરના સ્થાપક માઈકલ ડેલનું છે. માઈકલે ૧૯ વર્ષની ઉંમરે ઉચ્ચ અભ્યાસ છોડી દીધો. માઈકલને ૧૯૯૨માં વિશ્વનો સૌથી યુવાન સીઈઓ જાહેર કરવામાં આવ્યો. આજે ડેલ કંપની વિશ્વની અગ્રણી કમ્પ્યુટર બનાવવાવાળી કંપની તરીકે જાણીતી છે.

એક વખત જીવનમાં આગળ વધવા માટેનો જે રાહ નક્કી કર્યો હોય એના ઉપર મક્કમતાપૂર્વક ચાલવવાવાળા શિખરે પહોંચતા હોય છે.



૨૦૦૪માં હાર્વર્ડ યુનવર્સિટીનો અભ્યાસ પડતો મૂકીને માર્ક ઝુકબરર્ગે ફેસબુકની સ્થાપના કરી. વિશ્વને સોશ્યલ મિડીયાની નવી દિશા આપનારા આ યુવાનની ગણના આજે વિશ્વના ટોચના અમીરોમાં થાય છે. ફેસબુક આજે વિશ્વના અબજો લોકોની પ્રથમ પસંદગીની વેબસાઈટ છે.

યુનિવર્સિટી ઓફ હૉસ્ટનમાંથી ૨૦૦૪માં ભણવાનું છોડીને એક લબરમુછીયા જવાને એક તગડું સોફ્ટવેર બનાવ્યું અને આજે આ સોફ્ટવેર વર્ડપ્રેસના નામથી ઓળખાય છે. મેથ્યુ મુલેનવેગ નામના ૨૦ વર્ષના આ યુવાને વર્ડપ્રેસ જેવું સોફ્ટવેર બનાવી પ્રોગ્રામની દુનિયામાં નોકરી મેળવવા પ્રયાસો કર્યા પણ નોકરી ન મળવાને કારણે વર્ડપ્રેસ સોફ્ટવેર વધારે ઊંડાણપૂર્વક કામ કર્યુ આજે ઈન્ટરનેટ ઉપર સૌથી વધારે વેબ સાઈટ્સ વર્ડપ્રેસની મદદથી જ બનાવવામાં આવે છે. સાચી લગન અને મકકમતાપૂર્વક આગળ વધવાનો નિશ્ચય માણસને ક્યારેય નાસીપાસ નથી કરતો.

ભારતની આઈટી કંપની વિપ્રોના ચેરમેન અને અગ્રણી ઉદ્યોગપતિ અજીમ પ્રેમજીએ ૨૧ વર્ષની ઉંમરે આગળ ભણવાનું મૂકી દીધું હતું. એસલ ગ્રુપના માલિક અને દેશમાં ઝી ટીવીને સેટેલાઈટ ટીવીના રૂપમાં સૌથી પહેલાં લોંચ કરનારા સુભાષચંદ્રા ક્યારેય કોલેજના પગથિયા ચડ્યાં નથી પણ હિન્દુસ્તાનના મોટાગજાના ઉદ્યોગપતિઓમાં એમનું નામ શાનથી લેવાય છે. વિશ્વમાં 'ક્રિકેટીંગ ગોડ' તરીકે જે વ્યક્તિને પૂજવામાં આવે છે એવા સચિન તેંડુલકર માત્ર ૧૦મું ધોરણ ભણેલા છે. જો કે ક્રિકેટમાં સખત પરિશ્રમના નિશ્ચયના કારણે સચિન તેંડુલકરે ૧૦મા ધોરણ પછી અભ્યાસ છોડી દીધો હતો. એવી જ એક સ્પોર્ટ્સ પર્સનાલિટી મેરીકોમ છે કે જેણે, સ્કૂલમાંથી અભ્યાસ છોડીને બોક્સીંગમાં પોતાની કેરિયર બનાવવાનો નિર્ણય લીધો અને આજે ભારતની અગ્રણી મહિલા બોક્સરોમાં મેરીકોમનુ નામ ગૌરવપૂર્વક લેવાય છે. મિસ્ટર પર્સફેક્ટનીસ્ટ તરીકે બોલીવુડનું જાણીતું નામ આમીરખાન બહુ મોટો સફળ કલાકાર છે. એણે પણ ધોરણ ૧૨ પછી અભ્યાસ છોડીને એકટીંગની કેરિયર વિકસાવી.

શિક્ષણ જીવનનું એક અત્યંત આવશ્યક અને ઉપયોગી અંગ છે. દરેક વ્યક્તિએ શિક્ષિત - દિક્ષિત બનવું જ જોઈએ. આમ છતાં એ વાત એટલી જ મહત્વની છે કે, શાળા અને કોલેજોની ચાર દિવાલોમાં ભણાવવામાં આવતા પુસ્તકોના સહારે જ વ્યક્તિ આગળ વધી શકતી હોય છે એવું પણ નથી હોતું. જરા હટકે વાત કરીએ તો કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોય એ વ્યક્તિ ખરેખર તો ફાયદામાં રહે છે. એન્જિનિયરીંગનો અભ્યાસ કરનાર તબીબનું કામ કરી શકે ? મેડિકલમાં અભ્યાસ કરનાર મકાનો બનાવી શકે ? ઈલેટ્રિકલ એન્જિનિયરીંગ ભણેલો મેનેજમેન્ટનું કામ ના કરે. પણ જેની પાસે કોઈ ડિગ્રી જ નથી એ દુનિયાનું કોઈપણ કામ કરી શકે. એના માટે કોઈ ક્ષેત્ર સિમિત રહેતું નથી. જે ગમે તે ક્ષેત્રના ખુલા આકાશમાં પાંખો ફફડાવીને આવા વ્યક્તિઓ ખૂબ ઊંચે સુધી ઊડી શકતા હોય છે. કોઈ એક ક્ષેત્રને પકડીને જીવનને એની આસપાસ ગુંથતાં રહેવાની ચીલાચાલુ પદ્ધતિ છોડીને ખુલા ગગનમાં ખૂબ ઊંચે સુધી ઉડવાની માનસિકતા કેળવવી પડે. અભ્યાસ મહત્વનો જરૂર પણ, અભ્યાસ કરતાં પણ વધારે જરૂર છે, દ્રઢ નિશ્ચય અને પરિશ્રમના પ્રસવેદની. આગળ વધવા માટે અભ્યાસ વગર કદાચ ચાલી શકે પણ સંકલ્પ અને મહેનત વગર નહીં ચાલે.

સફળ થવા માટે માત્ર પુસ્તકીયા અક્ષરજ્ઞાન કરતાં ક્યાંય વધારે મહેનતનુ ઝનૂન અને આગળ વધવાની ભૂખ હોવી જોઈએ. કોઈપણ લક્ષ્ય અસંભવ નથી હોતુ. પ્રત્યેક વ્યક્તિ ધીરૂભાઈ અંબાણી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, બીલ ગેટ્સ કે પછી અબ્દુલ કલામ જેવા મહારથી બનવાની ક્ષમતા ધરાવતાં જ હોય છે. ઈશ્વરે દરેક વ્યક્તિને એક સરખી ક્ષમતા આપેલી છે. પોતાની ક્ષમતાને સમજવાની જરૂર છે.

**ધબકાર**

શૈક્ષણિક અભ્યાસ સ્પર્ધા નથી, વિકાસની યાત્રા છે.